**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 | ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 | **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU | **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** **સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૬– ૨ – ૨૦૦૮**

સિન્ડિકેટની સામાન્ય સભા બુધવાર, તા. ૬–૨–૨૦૦૮ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૬ –૨–૨૦૦૮ |
|---|---|---|
| ૧. | ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી (મા. કુલપતિશ્રી) | હાજર |
| ૨. | – ખાલી – (મા. ઉપકુલપતિશ્રી) | ––– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | ગેરહાજર |
| ૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૧૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૧૭. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૮. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૯. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |
| ૨૦. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | ગેરહાજર |

## <u>શોક દર્શક ઠરાવ</u>

### ડૉ. જગન્નાથ બી. પાથી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સોસીયોલોજી વિભાગમાં પ્રોફેસર અને હેડ તરીકે રહી ચૂકેલ ડૉ. જગન્નાથ બી.પાથીનું અચાનક થયેલ દુઃખદ અવસાન બદલ સિન્ડિકેટની આજની સભા શોક વ્યકત કરે છે. તથા સદ્‌ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

**નવા નિમાયેલ સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. વિનોદભાઈ બાલુભાઈ પટેલને આવકાર્યા.**

**૧.** સિન્ડિકેટ, તા. ૧૩–૧૨–૨૦૦૭ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ, તા.૧૩–૧૨–૨૦૦૭ની સામાન્ય સભાની કાર્યવાહી નીચે જણાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

*<u>બાબત ક્રમાંકઃ (૬૧)</u>*

યુનિવર્સિટીના ગ્રંથાલય વિભાગમાં જુનિયર કલાર્ક / ટાઈપીસ્ટ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી મિનાક્ષીબેન કે. કનાડીયાએ ગ્રંથાલય વિભાગમાં ટેકનિકલ આસિસ્ટન્ટની અનામત જગા પર બિનઅનામત ઉમેદવારને બઢતી આપવા બાબતે તેણીએ વિરોધ દર્શાવી ટેકનિકલ આસિસ્ટન્ટની જગા પર બઢતી માટે યોગ્ય ન્યાય મળે તે વિનંતી પર માનનીય કુલપતિશ્રીએ રચેલ કમિટિએ તા. ૧૨–૧૨–૨૦૦૭થી આપેલ રીપોર્ટ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં સમીતીના અહેવાલને ગ્રાહ્ય રાખીએ અગાઉનો સિન્ડકેટનો ઠરાવ રદ ગણવો.

***ને બદલે***

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતમાં સમીતીના અહેવાલની નોંધ લઈએ.

***વાંચનમાં લેવું***

**૨.** ૪૧મા વાર્ષિક અહેવાલ અંગે તા. ૨૪–૧૨–૨૦૦૭ના રોજ મળેલ વાર્ષિક અહેવાલ સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

સામાન્ય રીતે છાપકામના ભાવ પત્રકો મંગાવવામાં આવે છે. જેના સૌથી નીચા ભાવો ભરનારનું ટેન્ડર મંજૂર થાય છે. ગત વર્ષે ૪૦માં વાર્ષિક અહેવાલમાં ઘણી બધી ગંભીર ક્ષતીઓ રહી ગઈ હતી. ઓછી ગુણવતા અને ગંભીર ક્ષતીઓના કારણે સેનેટની વાર્ષિક સભામાં આ બાબતે ગંભીર નોંધ લેવામાં આવી હતી. તેને અનુલક્ષીને આ વર્ષે ૪૧માં વાર્ષિક અહેવાલ છાપકામ માટે મંગાવેલ ટેન્ડરો પૈકી કોનું ટેન્ડર મંજૂર કરવું તે અંગેનો નિર્ણય વાર્ષિક અહેવાલ સમિતિ પર છોડવામાં આવે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ૪૧માં વાર્ષિક અહેવાલ ના ભાવપત્રક મંજૂર કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, વાર્ષિક અહેવાલના ભાવપત્રક મંજૂર કરતા પહેલા ભાવપત્રક ભરનાર દરેક પ્રિન્ટર્સને વાર્ષિક અહેવાલ સમિતિ સમક્ષ રૂબરૂમાં હાજર રહેવા જણાવવું.

**૩.** સાઉથ ગુજરાત મેડિકલ એજયુકેશન ટ્રસ્ટ, ઉગત ભેંસાણ રોડ, જહાંગીરાબાદ, રાંદેર રોડ, સુરત સંચાલિત સાઉથ ગુજરાત મેડીકલ એજયુકશન ટ્રસ્ટ ફીઝિયોથેરાપી કોલેજ છે. સંસ્થાનાં ટ્રસ્ટની મીટીંગમાં ઠરાવ પાસ કરીને સંસ્થાએ ફીઝિયોથેરાપી કોલેજનું જૂનું નામ **" સાઉથ ગુજરાત મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ ફીઝિયોથેરાપી કોલેજ"** ને બદલે હવેથી **" સુરત પિપલ્સ બેંક ફીઝિયોથેરાપી કોલેજ"** એમ ફેરફાર કરવા અંગેની વિનંતી કરતાં પ્રસ્તુત ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રીના તા. ૨૪–૧૨–૦૭ના પત્રાંક ૮૮/૦૨/૨૦૦૭ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: સાઉથ ગુજરાત મેડિકલ એજયુકેશન ટ્રસ્ટ, ઉગત ભેંસાણ રોડ, જહાંગીરાબાદ, રાંદેર રોડ, સુરત સંચાલિત ફીઝિયોથેરાપી કોલેજનું જૂનું નામ **" સાઉથ ગુજરાત મેડીકલ એજયુકેશન ટ્રસ્ટ ફીઝિયોથેરાપી કોલેજ"** ને બદલે હવેથી **" સુરત પિપલ્સ બેંક ફીઝિયોથેરાપી કોલેજ"** રાખવા માટેની મંજૂરી નિયમોનુસાર ફી લઈને આપવી.

**૪.** સિન્ડિકેટે તેની તા. ૦૯ – ૦૨ –૦૬ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૬ અને આર. કે. દેસાઈ, બી. એડ્. કોલેજનાં શરતી જોડાણની શરત ક્રમાંક : ૨ અને ૩માં જણાવ્યા પ્રમાણે કોલેજને રૂા.૭, ૦૦, ૦૦૦/–(સાત લાખ)નો દંડ કરેલ હતો. સિન્ડિકેટે તા. ૦૩–૦૮–૦૭ની બાબત ક્રમાંક : ૨થી આ સંસ્થાઓને કરેલ દંડ માંડવાળ કર્યો હતો. તે સંદર્ભે કોલેજ બી. કોમ/ બી. સી. એ.નાં વિદ્યાર્થીઓની ભરેલ ટયુશન ફીની રકમને દંડના ભાગ તરીકે યુનિવર્સિટીમાં જમા લેવામાં આવી હતી તે ફી પરત આપવા અંગે આર. કે. દેસાઈ મેમોરીયલ ટ્રસ્ટના ચેરમેનશ્રીએ તેમના તા. ૧૨–૧૦–૦૭ના પત્રમાં કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, સંસ્થાને મૂળ રકમમાંથી રૂા.૨૭,૨૪૦/–અને રૂા. ૪૧૫૦/– એનરોલમેન્ટ ફી બાદ કર્યા બાદ પરત કરવી.

**૫.** નવરંગ ગૃપ એજયુકેશન ટ્રસ્ટ, સુરત દ્વારા નવી મોન્ટેસરી ટીચર્સ ટ્રેનીંગ કોલેજ, સ્વાતિ ચેમ્બર્સ, દિલ્હીગેટ, ગલેમંડી રોડ, સુરત ખાતે S.N.D.T. મહિલા યુનિવર્સિટી, મુંબઈ સાથે સંલગ્નતા મેળવી શરૂ કરવા માંગે છે તેમજ આ અંગેની તમામ કાર્યવાહી S.N.D.T. મહિલા યુનિવર્સિટી, મુંબઈ સાથે કરેલ છે. એમ જણાવી સદર કોલેજ શરૂ કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું N.O.C. (ના વાંધા પ્રમાણપત્ર) આપવા અંગેની વિનંતી કરતા પ્રસ્તુત ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રીનાં તા. ૨૭/૧૧/૦૭ના પત્રનાં સંદર્ભમાં આદેશાનુસાર સદરહું સંસ્થા પાસે અત્રેના તા. ૦૭/૧૨/૨૦૦૭ થી, SNDT મહિલા યુનિવર્સિટી, મુંબઈ સાથે જોડાણ મેળવવા ને બદલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સાથે જોડાણ મેળવવા અંગેની કાર્યવાહી શા માટે કરવામાં આવી નથી. તે અંગેની સ્પષ્ટતા મંગાવતા સદરહું સંસ્થાનાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા. ૨૪/૧૨/૨૦૦૭નાં પત્રથી મોકલેલ ખુલાસા / સ્પષ્ટતા ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, જો સંસ્થાનો અભ્યાસક્રમ પૂર્વ પ્રાથમિક કે પી. ટી. સી. હોય તો

યુનિવર્સિટીની NOC ની જરૂર નથી પરંતુ જો બી.એડ્. કોર્ષ માટે હોય તો NOC આપવું નહી.

**૬.** શ્રી સદ્‌વિદ્યા મંડળ, ભરૂચ દ્વારા યુનિવર્સિટી સંલગ્ન શ્રી ડી.એચ. પટેલ કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન (બી.પી.એડ્. અભ્યાસક્રમ) ચલાવવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ દરમિયાન બી.પી.એડ્. કોલેજમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૩ (ત્રણ) જેટલી હતી, જે વિદ્યાર્થીઓએ પાછળથી પ્રવેશ રદ કરાવેલ છે આથી મંડળે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૨૦૦૮થી કોલેજ બંધ કરવાનો નિર્ણય કરેલ છે અને તેથી જે તે અધ્યાપકોને તથા કાર્યાલયના સ્ટાફને નિયમાનુસાર છૂટા કરીશું, માટે આગામી શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૨૦૦૯ માટે જોડાણ ચાલુ રાખવા અંગેની અરજી કરી નથી એમ જણાવતાં સંસ્થાના ચેરમેનશ્રી એમ.આર. ઠાકોરનાં યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ તા. ૨૩/૧૦/૨૦૦૭નાં પત્રાંક : એસવીએમ/૧૮૯–અ/ ડી.એચ.પટેલની ફાઈલ/૨૦૦૭–૨૦૦૮ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ટ્રસ્ટ દ્વારા કોલેજ બંધ કરવા માટેના નૉર્મ્સ બનાવવા માટે નીચે મુજબની સમિતિની રચના કરવી.

(૧) શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા (૨) આ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ

(૩) ડૉ. શશીકાંતભાઈ શાહ (૪) ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ (ડી. બી. આઈ. એમ.)

(૫) આ. ડૉ. સી. બી. કગથરા (રાજપીપળા)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત ટ્રસ્ટને કોલેજ બંધ કરવાની યુનિવર્સિટી મંજૂરી ન આપે ત્યાં સુધી કર્મચારીઓના પગાર (વર્ષ : ૨૦૦૭ – ૨૦૦૮ માટે) કરવો.

**૭.** સને ૨૦૦૭–૦૮નાં શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

**નોંધ : સને ૨૦૦૬–૦૭નાં શૈક્ષણિક વર્ષની પ્રસ્તુત સમિતિ પર નીચેનાં સભ્યો હતાં.**

(૧) ડૉ. કિરણ પંડયા (૨) ડૉ. ઈ. વી. રામકૃષ્નન (૩) ડૉ. અપૂર્વ દેસાઈ

(૪) આ. શ્રી. જે. એમ. નાયક (૫) ડૉ. યુ. ટી. દેસાઈ (૬) ડૉ. પી. એચ. ભાઠાવાલા

(૭) આ.શ્રી ઈશ્વરભાઈ એમ.પટેલ (૮) ડૉ. શશીકાંત જી. શાહ (૯) ડૉ. કે. આર. કાપડીયા

(૧૦) ડૉ. મીનૂ પરબીયા

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૭–૦૮નાં શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગેની નીચે મુજબની સમિતી નીમવી.

(૧) ડૉ. કિરણ પંડયા (૨) ડૉ. ઈ. વી. રામકૃષ્નન

(૩) ડૉ. અપૂર્વ દેસાઈ (૪) આ. શ્રી. જે. એમ. નાયક (નવયુગ કોમર્સ કોલેજ)

(૫) ડૉ. યુ. ટી. દેસાઈ (૬) ડૉ. પી. એચ. ભાઠાવાલા

(૭) આ.શ્રી ઈશ્વરભાઈ એમ.પટેલ (૮) ડૉ. શશીકાંત જી. શાહ

(૯) ડૉ. કે. આર. કાપડીયા (૧૦) ડૉ. મીનૂ પરબીયા

૮. સને ૨૦૦૭–૦૮નાં શૈક્ષણિક વર્ષ માટે પીએચ. ડી. અને એમ. ફીલ. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

**નોંધ : સને ૨૦૦૬–૦૭નાં શૈક્ષણિક વર્ષની પ્રસ્તુત સમિતિ પર નીચેનાં સભ્યો હતાં.**

(૧) ડૉ. બી. વી. આચાર્ય (હાલ રીટાયર્ડ) (૨) ડૉ. શશીકાંત શાહ (૩) ડૉ. વિક્રમ બી. દેસાઈ

(૪)ડૉ. કે. સી. પટેલ (૫) ડૉ. વિપુલ સોમાણી (૬) ડૉ. સગુના પાથી

(૭) ડૉ. ઈશ્વરભાઈ બી. પટેલ (ફીઝીકસ)

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૭–૦૮નાં શૈક્ષણિક વર્ષ માટે પીએચ. ડી. અને એમ. ફીલ. પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા અંગેની નીચે મુજબની સમિતિની નિમણુંક કરવી.

(૧) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (૨) ડૉ. શશીકાંત શાહ (૩) ડૉ. વિક્રમ બી. દેસાઈ

(૪)ડૉ. કે. સી. પટેલ (૫) ડૉ. વિપુલ સોમાણી (૬) ડૉ. સગુના પાથી

(૭) ડૉ. ઈશ્વરભાઈ બી. પટેલ (ફીઝીકસ) (૮) ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્ય)

૯. સી.ડી.પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક એન્ડ હોસ્પિટલ, સુરતના નીચે જણાવેલ ડેમોસ્ટ્રેટ/ ટયુટર અને લેકચરરને ન્યુ દિલ્હીના તા.૧૪–૧–૨૦૦૫ ના પત્ર ક્રમાંકઃ ૧૨–૧૨–૨૦૦૦ – CCH (P/I) 27706-925 પ્રમાણે નવા ધારા મુજબ ડેમોન્સ્ટ્રેટ/ ટયુટરની પોસ્ટ રદ કરીને તેઓને અપગ્રેડ કરી લેકચરર તરીકે ગણના કરવા સિન્ડિકેટની તા. ૪–૧–૨૦૦૭ ના બાબતે ઠરાવ ક્રમાંકઃ (૩૫) નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

(૧) ડૉ. પ્રિતેશ પટેલ (૨) ડૉ. અશફાક સુબેદાર (૩) ડૉ. મનીષ ડૉકટર
(૪) ડૉ. એન.એ. ચશ્માવાલા (૫) ડૉ. આશિષ મહેતા (૬) ડૉ. માધુરી કાંબલે
(૭) ડૉ. સંજય પટેલ (૮) ડૉ. રીટા કરકેરા (૯) ડૉ. લલીત મવાણી
(૧૦) ડૉ. નેહા વોરા

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન સી.ડી.પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક એન્ડ હોસ્પિટલ, સુરતમાં ઉપરોકત જણાવેલ ડેમોન્સ્ટ્રેટર/ ટયુટરને લેકચરર તરીકેની ગણના અંગે ડેમોન્સ્ટ્રેટર/ ટયુટરની તરીકે આ શિક્ષકોને તેમના જે તે સમયનો નિમણૂંક પત્ર, હાજર થયાનો રીપોર્ટ, એલીજીબીલીટી, પગારનાં પુરાવા, ટીડીએસ અને પ્રોવિડન્ડ ફંડની રસીદ વગેરે તપાસવી. ત્યારબાદ આ અંગે વિચારવું.

મા.કુલપતિશ્રીએ ઉપરોકત બાબતની રૂબરૂ જઈ તપાસ કરી દિન–૭ માં અહેવાલ રજૂ કરવા નીચેના સભ્યોની નિમણૂંક કરી હતી.

(૧) ડૉ. આર.ડી.પટેલ (૨) ડૉ. બી.ટી.ઠાકર (૩) ડૉ. અશ્વિનભાઈ એચ. પટેલ

ઉપરોકત કમિટિએ આપેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુક્રમ નં. ૩, ૬, ૧૦ને મંજુરી અને ૪ અને ૮ ને વ્યાખ્યાતા તરીકે

CCH નિયમાનુસાર માન્યતા આપવી.

**૧૦.** પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા.૨૧–૦૧–૨૦૦૮ની મળેલ સભાની ભલામણ નં.૩, ૪, ૫ અને ૯ ઉપર વિચારણા કરવા બાબત.

**ભલામણો પૈકી ભલામણ ક્રમાંક(૩,૪,૫ અને ૯)નીચે પ્રમાણે છે.**

૩. કેમ્પસ ખાતે R. C. C. Road બનાવવા ના કામ માટે મળેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.
આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસ ખાતેના આર.સી.સી રોડ બનાવવાના કામ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર M/s. Shree Infracon, Ahmedabad નું રૂા. ૨૮,૦૮,૦૪૩–૮૦ પૈસાના ટેન્ડરમાં સમિતિ સમક્ષ કોન્ટ્રાકટરને રૂબરૂ બોલાવી વાટાઘાટો કરતા તેમણે ભરેલા ટેન્ડરના ભાવોમાં કુલ ૪.૫૭% ઘટાડો કરી એટલે કે રૂા.૧,૨૮,૩૨૭–૬૦ પૈસાનો ઘટાડો કરી કુલ રૂા.૨૬,૭૯,૭૧૬–૨૦ માં કામગીરી કરવા અંગે સંમિતિ દર્શાવેલ છે. જે મંજૂર કરવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

૪. કેમ્પસ ખાતે Bitumen Road બનાવવા ના કામ માટે મળેલ ટેન્ડર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસખાતેના બીટયુમીન રોડ બનાવવાના કામ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર M/s. J.M.SHAH , MAROLI એ રૂા.૫૬,૫૩,૧૮૫–૩૫ ભરેલ છે. જે અંગે તેમને કુલપતિશ્રી સમક્ષ વાટાઘાટ કરવા બોલાવવા અને કોન્ટ્રાકટરની રીવાઈઝડ ઓફર સિન્ડિકેટમાં રજૂ કરવી.

૫. કેમ્પસ ખાતે Compound wall બાંધવાના કામ માટે મળેલ ટેન્ડરો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસખાતેના કંમ્પાઉન્ડવોલ બનાવવાના કામ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર M/s. Shree Infracon, Ahmedabad નું ટેન્ડર રૂા. ૨૫,૩૬,૧૭૮–૦૦ પૈસામાં સમિતિ સમક્ષ કોન્ટ્રાકટરને રૂબરૂ બોલાવી વાટાઘાટ કરતા તેમણે ભરેલ ભાવોમાં ૪.૮૧% ઘટાડો કરી એટલે કે રૂા.૧,૧૫,૯૦૩=૩૩ પૈસાનો ઘટાડો કરી કુલ રૂા. ૨૪,૨૦,૨૭૪=૬૭ કરવા અંગે સંમિતિ દર્શાવેલ છે. જે અંગે સિન્ડિકેટને મંજુર કરવા ભલામણ કરવામાં આવે છે. માં કામગીરી

૯. એમ.આર.એસ. ડીપાર્ટમેન્ટના એક્ષટેન્સન માટે આર્કીટેકટ તરફથી મળેલ નકશા તથા અંદાજો પર વિચારણા કરવા બાબત.
આથી ઠરાવવામાં આવે છે કે એમ.આર.એસ. ડીપાર્ટમેન્ટના એક્ષટેન્સન માટે આર્કીટેકટ તરફથી મળેલ નકશા તથા રૂા.૨૭,૧૩,૦૦૦/–નો અંદાજો મંજૂર કરવામાં આવે છે અને ફંડ અંગેની વિગત વિભાગ પાસેથી મેળવીને સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા.૨૧–૦૧–૨૦૦૮ની મળેલ સભાની ઉપરોકત ભલામણ નં. ૩, અને ૯ને યથાવત મંજૂર કરવી અને ભલામણ ક્રમાંક: ૫ ને ૪. ૮૧% ઘટાડાને બદલે ૪.૫૭% વાંચવું અને **પરિશિષ્ટ: ' ક '**માં દર્શાવેલ સુધારા વધારા સાથે મંજૂર કરવી અને ભલામણ ન. ૪ને નીચે મુજબ મંજૂર કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે કેમ્પસ ખાતેના બીટયુમીન રોડ બનાવવાના કામ અંગે મળેલ ટેન્ડરો પર વિચારણા કરતા સૌથી ઓછા ભાવ ભરનાર M/s. J.M.SHAH , MAROLI એ રૂા.૫૬,૫૩,૧૮૫.૩૫ ભરેલ છે. જે અંગે તેમને કુલપતિશ્રી સમક્ષ વાટાઘાટ કરવા બોલાવી અને કોન્ટ્રાકટરની રીવાઈઝડ ઓફર સિન્ડિકેટમાં રજુ કરવામાં આવ્યું હતું જે રૂા. ૫૬, ૫૩, ૧૮૫. ૩૫ ભરેલ ભાવમાં ૩**%** ઘટાડો કરતા એટલે કે રૂા.૧,૬૯,૫૯૫.૩૫ના ઘટાડો થતા કુલ રૂા. ૫૪, ૮૩, ૫૯૦.૦૦ મા કામગીરી સોંપવી.

(પરિશિષ્ટ : 'ક' )

**૧૧.** યુનિવર્સિટીના રૂરલ સ્ટડીઝ વિભાગના રીડર અને ઓફેસીયેટીગ હેડ, ડૉ. વી. જે. સોમાણીના તા. ૧૮–૧–૨૦૦૮ના પત્ર સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં સેલ્ફ ફાયનાન્સ પ્રોગ્રામ/ કોર્ષ/ અભ્યાસક્રમમાં સ્વનિર્ભર ફંડ હેઠળ ફરજ બજાવતાં શૈક્ષણિક કર્મચારીઓને વિવિધ લાભો આપવા અંગે સિન્ડિકેટ તા. ૬–૧૧–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : (૨)થી કમિટિની ભલામણ પરિશિષ્ટ : ' ક ' માં દર્શાવેલ ક્રમ (૧) થી (૮)ના લાભો આપવા ઠરાવ્યાનુસાર કાર્યાલયના પરિપત્ર ક્રમાંક : વહી/ એસ્ટા/ સ્વનિર્ભર/ ૬૩૫/ ૨૦૦૮, તા.: ૧૬–૧–૨૦૦૮ના અનુસંધાનમાં ક્રમાંક (૮)ના લાભમાં અસ્પષ્ટતા બાબતે ડૉ. વી. જે. સોમાણી ના તા. ૧૮–૧–૨૦૦૮ના પત્ર ક્રમાંક : વીએસ/ ૫૧/ ૪૧૪/૨૦૦૭ – ૦૮ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, Leave Rule be applicable to teachers of Self Finance Courses at University Campus as per Ordinance. 69 - A : .

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભર સંસ્થાઓમાં શિક્ષકોના પી. એફ. કાપવા અંગે લીગલ ઓપનીયન લેવો અને તેમાં જુની કમિટી,

(૧) આ. ડૉ. બી. એમ. રાવલ (૨) આ. ડૉ. યુ. ટી. દેસાઈ

(૩) ડૉ. નીતીન પટેલની સમિતિમાં **ડૉ. વિપુલભાઈ જે. સોમાણીનો** ઉમેરો કરવો અને સમગ્રલક્ષી અહેવાલ સિન્ડિકેટમાં રજૂ કરવો.

**૧૨.** મા. મુખ્યમંત્રીશ્રીના તા. ૨૪–૫–૦૭ના ઓન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ " સ્વાગત " માં શ્રી ભાગ્યલક્ષ્મી શામળદાસ રાવળે વિકલાંગ (અંધ) વિદ્યાર્થીઓને કોલેજ/ યુનિવર્સિટી પરીક્ષામાં લહીયા માટે નડતી મુશ્કેલીઓ બાબતે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૫–૧૦–૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ હેઠળ નીચે મુજબ ઠરાવ્યું છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. મુખ્યમંત્રીશ્રીના તા. ૨૪ –૫ – ૦૭ના ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ " સ્વાગત " માં શ્રી ભાગ્યલક્ષમી શામળદાસ રાવળે વિકલાંગ (અંધ) વિદ્યાર્થીઓને કોલેજ/ યુનિવર્સિટી પરીક્ષામાં લહીયા માટે નડતી મુશ્કેલીઓ બાબતે રૂબરૂ રજુઆત કરેલ છે. તેના સંદર્ભે મા. મંત્રીશ્રીની સૂચન મુજબ કાર્યવાહી કરવાની હોઈ, પ્રસ્તુત પત્રમાં દર્શાવેલ મુદ્દાઓ અંગે વિસ્તૃત અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરવા માટે ડૉ. કિરણભાઈ પંડયા (અધ્યક્ષશ્રી વિનયન વિદ્યાશાખા) આચાર્ય એન. બી. મહીડા (અધ્યક્ષશ્રી વિજ્ઞાન વિદ્યાશાખા), આચાર્ય યુ. ટી. દેસાઈ (અધ્યક્ષશ્રી, વાણિજય વિદ્યાશાખા) અને શ્રીમતી જે. કે. પટેલ (અધ્યક્ષશ્રી, કાનૂન વિદ્યાશાખા) ની એક સમિતિની રચના કરવામાં આવેલ છે. પ્રસ્તુત સમિતિનો અહેવાલ આ સાથે સામેલ છે જે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત સમીતીની ભલામણનો **પરિશિષ્ટઃ ' ખ '** માં દર્શાવ્યા મુજબ સ્વીકાર કરવો.

**(પરિશિષ્ટ : ' ખ ' )**

**૧૩.** યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ગ્રથપાલની માન્યતા માટે ઓર્ડિનન્સ– ૮૮ લાગુ પાડવા કે કેમ ? શિક્ષકની વ્યાખ્યામાં ગણાય કે કેમ ? યુનિવર્સિટીએ ઓર્ડિનન્સ – ૮૮ મુજબ માન્યતા આપવી કે કેમ ?
– ગ્રથપાલનું રાજીનામું શિક્ષકોની જેમ કુલસચિવ સમક્ષ આપવાનો આગ્રહ રાખવો કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમિક કાઉન્સિલ તા. ૭–૧–૨૦૦૮ ભલામણ ક્રમાંક : (૦૪)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ગ્રંથપાલોને માન્યતા આપવી. ગ્રથંપાલોએ રાજીનામું યુનિવર્સિટીના કુલસચિવ સમક્ષ આપવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાંના ગ્રથંપાલશ્રીઓને શિક્ષક તરીકે ગણવા સેનેટને ભલામણ કરે છે.

**(પરિશિષ્ટ : ' ગ ' )**

**૧૪.** યુનિવર્સિટી સંલગ્ન ચીખલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજોમાં અગાઉના વર્ષો દરમ્યાન ટયુટર/ ડેમોસ્ટ્રેટર તરીકે ફરજ બજાવતા

(૧) શ્રીમતી મધુબેન વી. દેસાઈ

(૨) શ્રી વિનુભાઈ ડી. પટેલને તા. ૧૩–૦૮–૧૯૮૧થી માન્ય કરેલ માન્યતાને રદ કરીને સરકારશ્રીના ઠરાવ મુજબ તા. ૧ –૬ – ૧૯૮૦થી વ્યાખ્યાતાની માન્યતા આપવા કરેલ માંગણી પર વિચારણા કરવા બાબત.

**<u>એકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની બાબત ક્રમાંક : ૫ :</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન ચીખલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજોમાં અગાઉના વર્ષો દરમ્યાન ટયુટર/ ડેમોસ્ટ્રેટર તરીકે ફરજ બજાવતા.

(૧) શ્રીમતી મધુબેન વી. દેસાઈ

(૨) શ્રી વિનુભાઈ ડી. પટેલને તા. ૧૩–૦૮–૧૯૮૧થી માન્ય કરેલ માન્યતાને રદ કરીને સરકારશ્રીના ઠરાવ મુજબ તા. ૧–૬–૧૯૮૦થી વ્યાખ્યાતાની માન્યતા આપવા કરેલ માંગણી સ્વીકારવામાં આવે છે, અને તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની ભલામણ ક્રમાંક : ૫નો સ્વીકાર કરવો.

**૧૫.** યુનિવર્સિટીનું સને ૨૦૦૭–૨૦૦૮નું પુનઃ નિર્મિત અંદાજપત્ર તથા અને સને ૨૦૦૮–૨૦૦૯નું અંદાજપત્ર મંજૂર કરવા વિચારણા કરવા બાબત...... (હિસાબી)

:: યુનિવર્સિટીનું સને ૨૦૦૭–૨૦૦૮નું પુનઃ નિર્મિત અંદાજપત્ર તથા અને સને ૨૦૦૮–૨૦૦૯નું અંદાજપત્ર મંજૂર કરવું અને આગામી સેનેટની વાર્ષિક સભામાં શ્રી હેમંતભાઈ ટોપીવાલા પાસે રજૂ

(**Move**) કરાવવું.

**૧૬.** એમ.ફીલ. ઈન એજયુકેશનનો અભ્યાસક્રમ વર્ષ : ૨૦૦૮–૦૯ થી શરૂ કરવા અંગે શિક્ષણ વિદ્યાશાખાની તા. ૩૧–૧૨–૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : (૨) અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>શિક્ષણ વિદ્યાશાખાની તા. ૩૧–૧૨–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : (૨)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ફીલ. ઈન એજયુકેશનનો અભ્યાસક્રમ આ સાથે સામેલ પેટાસમિતિના અહેવાલ મુજબ વર્ષ ૨૦૦૮–૦૯ થી શરૂ કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>અકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની બાબત ક્રમાંક : ૯૫</u>**

**::** આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ વિદ્યાશાખાની તા. ૩૧–૧૨–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : (૨) અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૦૯ થી એમ.ફીલ. ઈન એજયુકેશનનો અભ્યાસક્રમ શરૂ કરવા મંજૂરી આપવામાં આવે છે. અને અન્ય બાબતો યુનિવર્સિટી એમ.ફીલ. ના પ્રવર્તમાન નિયમો મુજબ રહેશે અને સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની ઉપરોકત ભલામણ ક્રમાંક : ૯૫નો સ્વીકાર કરવો અને **B.U.T.** (બી. યુ. ટી.) વતી પાસ કરવા મા. કુલપતિશ્રીને ભલામણ કરવામાં આવે છે.

**૧૭.** In Connection with AICTE Norms minor modification is suggested as under by the Dean, Faculty of Technology Including Engineering for the kind Consideration of Academic Council.
Candidates form the industry / Profession (Including Teaching) with First Class Bachelor's degree in the appropriate branch of engineering / technology OR First class master's degree in the appropriate branch of engineering / technology with minimum 5 years of experience and should be registered for Ph.D. program also should have certain publication at national / international level. (Equivalent to Partial Ph.D. work) would also be eligible for promoted to assistant Professor. Such candidate will be required to obtain Ph.D. degree within a period of 5 years for the date of appointment as Assistant Professor.

**<u>અકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની બાબત ક્રમાંક : ૧૧૪</u>**

:: It is resolved that the above suggestions are approved and refer to the Syndicate for its consideration.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, AICTE ના લાયકાતના ધોરણો માટે ડૉ. પરબીયા સાહેબની સમિતિ બનાવવામાં આવેલી તે સમિતિમાં **ડૉ. નૈમેષભાઈ ઝવેરી** (ડીન શ્રી એન્જિનિયરીંગ ફેકલ્ટી) નો સમાવેશ કરવો અને સમગ્રલક્ષી અહેવાલ પુનઃ સિન્ડિકેટમાં રજૂ કરવો.

**૧૮.** અરૂણા અનિલ વ્યારા પ્રદેશ વિકાસ પ્રતિષ્ઠાન સંચાલિત સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારામાં M.D. (Homoeopathy) નો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૦૯ થી ચલાવવા / શરૂ કરવા માન્યતા અંગેની અરજીના સંદર્ભમાં મા.કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિ (LIC) નો તા. ૦૪–૦૧–૦૮ નો પ્રસ્તુત અહેવાલ (LIC Report) પર વિચારણા કરવા બાબત.

**<u>અકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની બાબત ક્રમાંક : ૧૧૧</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અરૂણા અનિલ વ્યારા પ્રદેશ વિકાસ પ્રતિષ્ઠાન સંચાલિત સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારામાં **M.D. (Homoeopathy)** નો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૦૯ થી ચલાવવા / શરૂ કરવા માન્યતા અંગેની અરજીના સંદર્ભમાં મા.કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિ **(LIC)** ના તા. ૦૪–૦૧–૦૮ ના અહેવાલ **(LIC Report)** માં જણાવેલ નીચેની શરતોનું યથાર્થ પરિપાલન કરવાની શરતે સી.એન.કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારામાં **M.D. (Homoeopathy)** નો અનુસ્નાતક અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૦૯ થી ચલાવવા / શરૂ કરવા માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**શરતો : –**

**(1) They are to strengthen their laboratories with departmental libraries. Each department must have departmental library with sufficient books.**

**(2) They must increase the number of the copies of the books available in library.**

**(3) They must charge fees form the student as per the guideline given by the universities, the state government, Apex body of Homeopathic Council.**

**(4) They must follow University ordinance 69 (A) & (B)**

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની ભલામણ ક્રમાંક : ૧૧૧નો સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચે મુજબની શરતો ઉમેરવી.

**<u>શરતો :</u>**

(૧) **CCH**નાં નિયમ અનુસાર શિક્ષકોની ભરતી કરવી.

(૨) લાયબ્રેરીયન અને ફીઝીકલ એજયુકેશનનાં શિક્ષકની ભરતી કરવી.

(૩) **CCH**ની મંજુરી મળ્યા બાદ જ પ્રવેશો આપવા.

**૧૯.** શારીરિક શિક્ષણના ત્રિવાર્ષિક (બી.પી.ઈ.) અભ્યાસક્રમને ૪ (ચાર) વર્ષના અભ્યાસક્રમમાં તબદીલ કરવા અંગે શિક્ષણ વિદ્યાશાખાની તા. ૩૧–૧૨–૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : (૩) અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>શિક્ષણ વિદ્યાશાખાની તા. ૩૧–૧૨–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : (૩)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શારીરિક શિક્ષણના ત્રિવાર્ષિક (બી.પી.ઈ.) અભ્યાસક્રમને ૪ (ચાર) વર્ષનો અભ્યાસક્રમમાં તબદીલ કરવા અંગે રચાયેલ પેટાસમિતિના અહેવાલ પર ચર્ચા થઈ તેને આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>અકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની બાબત ક્રમાંક : ૯૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શારીરિક શિક્ષણના ત્રિવાર્ષિક (બી.પી.ઈ.) અભ્યાસક્રમને ૪ (ચાર) વર્ષનો અભ્યાસક્રમમાં તબદીલ કરવા અંગે રચાયેલ પેટાસમિતિના અહેવાલ પર ચર્ચા થઈ તેને આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા શિક્ષણ વિદ્યાશાખાની ભલામણ ક્રમાંક : ૩ અન્વયે એન.સી.ટી.ઈ. અને રાજયસરકારની માન્યતાને આધીન મંજૂરી આપવામાં આવે છે અને સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, અકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની ભલામણ ક્રમાંક : ૯૬ને સૈધ્ધાંતિક મંજૂરી આપવી.

**૨૦.** બેઝિક એજયુકેશનના તાલીમાર્થીઓને એમ.એડ્ માં સામાન્ય બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓની જેમ સમાન મેરીટ લીસ્ટમાં સમાવીને પ્રવેશ આપવા અંગે શિક્ષણ વિદ્યાશાખાની તા. ૩૧–૧૨–૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : (૪) અન્વયે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>શિક્ષણ વિદ્યાશાખાની તા. ૩૧–૧૨–૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : (૪)</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, બેઝિક એજયુકેશનના તાલીમાર્થીઓને એમ.એડ્. માં સામાન્ય બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓની જેમ સમાન મેરીટ લીસ્ટમાં નહી સમાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. પ્રસ્તુત અભ્યાસક્રમ ગ્રામવિદ્યાશાખા અંતર્ગત હોવાથી સમાન મેરીટ લીસ્ટમાં સમાવી ન શકાય તેને બદલે ગ્રાન્ટેડ એમ.એડ્. માં (૨) અને સ્વનિર્ભર એમ.એડ્. (૨) મળી કુલ – (૪) બેઠકો આ વિદ્યાર્થીઓ માટે અલાયદી ફાળવવાનું ઠરાવવામાં આવ્યું. તેમાં પણ ગ્રાન્ટેડ એમ.એડ્. ની ૨ બેઠકોમાં ૧ બેઠક સામાન્ય કેટેગરી માટે અને બીજી બેઠક ગ્રામવિદ્યાશાખા કેટેગરી માટે ફાળવવી. એ જ પ્રમાણે સ્વનિર્ભર એમ.એડ્. ની ૨ બેઠકોમાં ૧ બેઠક સામાન્ય કેટેગરી માટે અને બીજી બેઠક ગ્રામવિદ્યાશાખા કેટેગરી માટે ફાળવવી તેથી બધાને પ્રવેશમાં ન્યાય મળી શકે.

ઉપરોકત બાબત સ્વીકારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>અકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની બાબત ક્રમાંક : ૯૭</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, બેઝિક એજયુકેશનના તાલીમાર્થીઓને એમ.એડ્. માં સામાન્ય બી.એડ્. કોલેજના તાલીમાર્થીઓની જેમ સમાન મેરીટ લીસ્ટમાં નહી સમાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. પ્રસ્તુત અભ્યાસક્રમ ગ્રામવિદ્યાશાખા અંતર્ગત હોવાથી સમાન મેરીટ લીસ્ટમાં સમાવી ન શકાય તેને બદલે ગ્રાન્ટેડ એમ.એડ્. માં (૨) અને સ્વનિર્ભર એમ.એડ્. (૨) મળી કુલ – (૪) બેઠકો આ વિદ્યાર્થીઓ માટે અલાયદી ફાળવવાનું ઠરાવવામાં આવ્યું. તેમાં પણ ગ્રાન્ટેડ એમ.એડ્. ની ૨ બેઠકોમાં ૧ બેઠક સામાન્ય કેટેગરી માટે અને બીજી બેઠક ગ્રામવિદ્યાશાખા કેટેગરી માટે ફાળવવી. એ જ પ્રમાણે સ્વનિર્ભર એમ.એડ્. ની ૨ બેઠકોમાં ૧ બેઠક સામાન્ય કેટેગરી માટે અને બીજી બેઠક ગ્રામવિદ્યાશાખા કેટેગરી માટે ફાળવવી તેથી બધાને પ્રવેશમાં ન્યાય મળી શકે એ અંગે શિક્ષણ વિદ્યાશાખાની ભલામણ ક્રમાંક : ૪ મંજૂર કરવામાં આવે છે અને સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, અકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની ભલામણ ક્રમાંક : ૯૭નો સ્વીકાર કરવો.

**૨૧.** શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૨૦૦૯ માટે નવા અભ્યાસક્રમ શરૂ કરવા અંગેની જોડાણ બાબતમાં લેટ ફી સાથે જોડાણ અરજી સ્વીકારવાની આખરી સમય મર્યાદા તા. ૩૧–૧૨–૨૦૦૭ હતી. ત્યાર બાદ આવેલી અરજીઓ સ્વીકારવી કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૨૦૦૯ માટે નવા અભ્યાસક્રમ શરૂ કરવા અંગેની જોડાણ બાબતમાં લેટ ફી સાથે જોડાણ અરજી સ્વીકારવાની આખરી સમય મર્યાદા બાદ આવેલી અરજીઓ સ્વીકારવી નહી.

**૨૨.** સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્મસી, વડોદરાની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસી (દ્વિતીય / તૃતીય / ચોથા વર્ષ) નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટ, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**<u>અકેડેમીક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની બાબત ક્રમાંક : ૧૧૩</u>**

**::** આથી ઠરાવવામાં આવે છે કે, સિગ્મા ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્મસી, વડોદરાની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસી (દ્વિતીય / તૃતીય / ચોથા વર્ષ) નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટ, તા. ૪–૧–૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૯)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલમાં જણાવેલ નીચેની શરતોનું યથાર્થ પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ : ૨૦૦૭–૦૮ ના વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ ફાર્મસી (દ્વિતીય / તૃતીય / ચોથા વર્ષ) નું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**શરતો : –**

**(1) The Staff positions should maintained as per AICTE norms through out the year.**

**(2) Admission of the students be strictly adhered to the existing law and no extra fees be charged either at the time of admission of later on.**

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૦૭–૦૧–૦૮ની ભલામણ ક્રમાંક : ૧૧૩નો સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચે મુજબની શરતો ઉમેરવી.

(૧) ઓર્ડીનન્સ ૬૯ એ અને બીનું પૂર્ણતઃ પાલન કરવું.

(૨) લાયબ્રેરીયન અને ફીઝીકલ એજ્યુકેશનના શિક્ષકની ભરતી કરવી.

**૨૩.** યુનિવર્સિટી સંલગ્ન ફાર્મસી કોલેજોમાં વ્યાખ્યાતાને માન્યતા આપવા માટે AICTE ના નોર્મ્સ પ્રમાણે એમ.ફાર્મ. પ્રથમ વર્ગ જરૂરી છે. આ નોર્મ્સ મુજબ એમ.ફાર્મ. પ્રથમ વર્ગમાં પાસ થયેલા ઉમેદવારને યુનિવર્સિટી દવારા માન્યતા આપવામાં આવે છે. પરંતુ નીચે જણાવેલ યુનિવર્સિટી દવારા વિદ્યાર્થીએ એમ.ફાર્મ. વર્ષ–૧ અને એમ.ફાર્મ.વર્ષ–૨ ની માર્કશીટમાં પાસ લખવામાં આવે છે. કલાસનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. તેમજ ડીગ્રી સર્ટીફીકેટમાં પણ કલાસનો ઉલ્લેખ કરવામાં આવતો નથી.

(1) The Tamil Nadu M.G.R. Medical university, Chenna

(2) Vinayaka Mission's Research Foundation, Tamilnadu

ઉમેદવારની એમ.ફાર્મ વર્ષ–૧ અને એમ.ફાર્મ. વર્ષ–૨ ની માર્કશીટના ટોટલ માર્કસને ગણત્રીમાં લઈ ટકાવારી કરવામાં આવે તો તેમના ૬૦% થી ઉપર ટકાવારી થાય છે. તો તેવા ઉમેદવારને એમ. ફાર્મ. માં ફર્સ્ટ કલાસ ગણવા કે કેમ? અને તેમને ફાર્મસીના વ્યખ્યાતા તરીકે માન્યતા આપવી કે કેમ? વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, જે તે યુનિવર્સિટી પાસે કયો કલાસ વિદ્યાર્થીને આપેલ છે તે માહિતી પૂછાવવી ત્યાર બાદ નિયમોનુસાર ઘટતી કાર્યવાહી કરવી.

**૨૪.** યુનિવર્સિટી સંલગ્ન વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરામાં શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૨૦૦૯થી M.A. ગુજરાતી વિષયનું નવું સેન્ટર શરૂ કરવા માટે અરજી લેઈટ ફી સાથે સ્વીકારવાની આખર તારીખ ૩૧/ ૧૨/૨૦૦૭ વીતી ગયા બાદ અરજી પત્રક (fORM-A) ની માંગણી કરતા, સદરહું સંસ્થાના તારીખ વગરના પત્ર (યુનિવર્સિટી કાર્યાલયને તા. ૩–૧–૨૦૦૮ રોજ આપેલ) ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન વી. એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરામાં શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૨૦૦૯થી M.A. ગુજરાતી વિષયનું નવું સેન્ટર શરૂ કરવા માટે અરજી લેઈટ ફી સાથે સ્વીકારવાની આખર તારીખ ૩૧/ ૧૨/૨૦૦૭ વીતી ગયા બાદ અરજી

પત્રક (fORM-A) ની માંગણી કરતા, સદરહું સંસ્થાની માંગણી સ્વીકારવી નહી.

**૨૫.** યુનિવર્સિટીના એમ.આર.એસ. વિભાગના પ્રોફેસર એન્ડ હેડ ડૉ.ડી. આર. શાહ દ્વારા અગાઉની સંસ્થામાંથી મળેલી ગ્રેજયુઈટીની રકમ રૂ.૫,૪૯૯/– તા.૨૧–૩–૧૯૯૪ ના રોજ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવ્યા છે. તથા રસાયણશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ.કિરીટભાઈ કે. દેસાઈ દ્વારા રૂ.૨૨,૧૦૦/– તા.૮–૧–૧૯૯૧ના રોજ જે તે સંસ્થામાંથી મળેલ ગ્રેજયુઈટીની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવી છે. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક /એન.જી.સી.–૧૧૮૮ –૧૯૮–ખ તા.૧૬–૬–૮૯ મુજબ તા.૩૧–૩–૧૯૮૯ બાદ જમા થનાર રકમ પર સામાન્યદરે જે તે વર્ષથી લાગુ પડતા વ્યાજ ઉપરાંત ૨.૫ ટકા લેખે દંડનીય વ્યાજ સાથે મૂળ રકમ જમા કરાવવાની થાય છે. આ રકમ સરકારશ્રીની ટ્રેઝરીમાં જમા કરાવવી પડે. આ બંને પ્રોફેસરોની ગ્રેજયુઈટીની રકમ સરકારી ટ્રેઝરીમાં જે તે વખતે જમા કરાવી નથી તેથી હવે સામાન્યદરે તથા દંડનીય વ્યાજ સાથે જમા કરાવવાની થાય છે. હિસાબી વિભાગના કર્મચારી શ્રીમતી નિર્મળાબેન સુમનભાઈ દેસાઈ આ કામગીરી સંભાળતા હતા. તેમના દ્વારા આ રકમ ટ્રેઝરીમાં જમા કરાવી ન હતી અને ભયંકર બેદરકારી દર્શાવી હતી. બંને પ્રોફેસર્સ નિવૃત થતાં હોવાથી તેમના પેન્શન કેસ તૈયાર કરતાં માહિતી મળી છે.

હિસાબી વિભાગમાં સને ૧૯૯૧ તથા ૧૯૯૪ ના વર્ષમાં આ બને પ્રસંગે શ્રીમતી નિર્મળાબેન સુમનભાઈ દેસાઈ સિનીયર–કર્લાક તરીકે કામગીરી સંભાળતા હતા તેથી તેમની જવાબદારી નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત .

| | ગ્રેજયુઈટીની રકમ | સાદુ વ્યાજ | દંડનીય વ્યાજ |
|---|---|---|---|
| ૧. ડૉ. દિલીપ આર. શાહ. | રૂ.૫,૪૯૯/– | રૂ.૭,૫૭૯/૪૫ | રૂ.૧,૮૫૫/૮૪ તા.૧/૯/૦૭ ના રોજ કુલ રૂા.૯,૪૩૫/– યુનિવર્સિટીએ પોતાના ફંડમાંથી ટ્રેઝરીમાં જમા કરાવ્યા છે. |
| ૨. ડૉ. કિરીટભાઈ કે.દેસાઈ | રૂ.૨૨,૧૦૦/– | રૂ.૩૯,૪૪૮/૯૯ | રૂ.૯,૩૯૨/૪૯ ફેબ્રુ.૨૦૦૮ સુધીનું વ્યાજ |
| રૂા.૪૯૮૨૨–૦૦ | | | ગણેલ છે. ટ્રેઝરીમાં જમા કરાવવાના બાકી છે. (હિસાબી) |

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતમાં ભૂલ કરનાર કર્મચારીને કારણદર્શક ખુલાસો પૂછવો અને યુનિવર્સિટીને ગ્રેજયુઈટીની રકમમાંથી અત્યાર સુધી કુલ કેટલું વ્યાજ મળેલ છે તે માહિતી મેળવી પુનઃ સિન્ડિકેટમાં રજૂ કરવી.

**૨૬.** એકેડેમિક કાઉન્સિલે તેનાં તા. ૦૬/ ૦૯/ ૨૦૦૭ના ઠરાવ નંઃ ૨૫ થી ગુણચકાસણી અને પુનઃ મૂલ્યાંકનની પ્રથા અંગેના નિયમો ઘડવા/ બનાવવા અંગે તથા સુધારા વધારા કરવા એક સમિતિની રચના કરી હતી. પ્રસ્તુત સમિતિનો અહેવાલ સિન્ડિકેટ સમક્ષ મૂકવાનું ઠરાવેલ હોય આ સાથે પ્રસ્તુત સમિતિના અહેવાલ બિડાણ તરીકે સામેલ છે. તે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**જાણ સારૂ.**

**૨૭.** ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગ, જાહેરનામું, સચિવાલય, ગાંધીનગર ૧૭મી ડીસેમ્બર, ૨૦૦૭ના ક્રમાંક : ગસ–૨૦૦૭–૨૮–જસર–૧૦૨૦૦૭–૧૯૬૩–ઘ, ના પત્રમાં સને ૨૦૦૮ના વર્ષ દરમ્યાન સામાન્ય રજા તરીકે તેમજ માન્ય કરેલી મરજીયાત રજાઓ જાહેર કરી છે. પ્રસ્તુત જાહેર રજાઓ અને મરજીયાત રજાઓ યુનિવર્સિટીના કર્મચારીઓને લાગુ પાડવા અંગેના મા. કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

**૨૮.** યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ અને હિસાબી વિભાગમાં તાકિદે પ્રોગ્રામરની જરૂરીયાત હોવાથી પરીક્ષા વિભાગની તા. : ૨૬–૧૨–૨૦૦૭ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશાનુસાર વર્તમાન પત્રમાં વોક ઈન ઈન્ટરવ્યુંની તા. ૨૬–૧૨–૨૦૦૭ના રોજ ટચૂકડી જાહેરાત આપી તા. ૨૯–૧૨–૨૦૦૭ના રોજ વોક ઈન ઈન્ટરવ્યું રાખવામાં આવ્યાં હતા. સદર ઈન્ટરવ્યું માટે માનનીય કુલપતિશ્રીએ સૂચવેલ નિષ્ણાંતોની પસંદગી સમિતિ (ડૉ. એ. એ. દેસાઈ, પ્રોફેસર એન્ડ હેડ, ડિર્પાટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, શ્રી એસ. વી. પટેલ, રીડર, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, શ્રી રવિ ગુલાટી, લેકચરર, ડિર્પાટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, ડૉ. પંકજ ગઢિયા, ઈ. ચા. કુલસચિવ અને ડૉ. એ. એન. માલવીયા, ઈ.ચા. પરીક્ષા નિયામક) ની નિમણુંક કરવામાં આવી હતી . જેમાં કુલ ૧૦ ઉમેદવારો હાજર રહ્યાં હતાં. જે પૈકી પસંદગી સમિતિની આ સાથે સામેલ ભલામણ મુજબ ૦૩ (ત્રણ) ઉમેદવારોને એલીજીબલ કરેલ છે. જે પૈકી બે ઉમેદવારો (શ્રી વીરસિંગભાઈ વસાભાઈ ચૌધરી અન કુ. પલ્લવી દિપકભાઈ પટેલ)ને પરીક્ષા વિભાગ માટે અને એક ઉમેદવાર (કુ. રીકલ ચંદ્રકાંતભાઈ વારા) ને હિસાબી વિભાગમાં તા. ૧/ ૧/ ૨૦૦૮થી ત્રણ માસની મુદ્દત માટે બોલીઓ અને શરતોને આધિન પ્રતિમાસ રૂા. ૬, ૦૦૦/– ના ફીકસ પગારથી તદ્ન હંગામી ધોરણે આપેલ નિમણૂંક અંગેના મા. કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

**૨૯.** ગુજરાત સરકારના નાણા વિભાગનાં તા.૮/૬/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : વલભ/ ૧૦૨૦૦૭/૧૦૭૦/ ચ તથા તા.૨૫/ ૬/ ૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : વલભ/ ૧૦૨૦૦૭/ ચ અન્વયે કર્મચારીઓને મુળપગારમાં ૫૦ % મોંઘવારી ભથ્થું ભેળવીને તેના પર મોંઘવારી ભથ્થું, ઘરભાડાં ભથ્થું, સ્થાનિક વળતર ભથ્થું, નિવૃત્તિના લાભો, વિવિધ પેશગીઓ વિગેરેની ચુકવણીના હેતુ માટે ગણતરીમાં લઈ તેનો તફાવત (એરીયર્સ) કર્મચારીઓના પી.એફ. ખાતામાં જમા કરાવવા તથા નિવૃત થયેલા કર્મચારીઓનું એરિયર્સ તેઓના બેંક ખાતામાં જમા કરાવવા અંગે કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

(હિસાબી)

::　　આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોક્ત પગલાંની નોંધ લેવી.

**૩૦.** શ્રેયસ એજ્યુકેશન ટ્રસ્ટ, સુરતને SNDT University સાથે B.Ed. કોલેજની સંલગ્નતા મેળવી છે, અને સદરહું સંસ્થાને V. N. S. G. U માં, ને NOC આપવા અંગેના એડવોકેટ શ્રી ધવલભાઈ દવેના તા. ૧૭–૧–૨૦૦૮નાં પત્રને અવલોકનમાં લઈ, નિયમની જોગવાઈ, સમયમર્યાદા અનેLegal Opinionને ને ધ્યાનમાં લઈ, સિન્ડિકેટ વતી પ્રસ્તુત સંસ્થાને " NOC " આપવાની પગલાંની નોંધ લેવા સારું.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મા. કુલપતિશ્રીના ઉપરોક્ત પગલાંની નોંધ લેવી.

**૩૧.** શિક્ષણ વિભાગના ક્રમાંક : દગય–૧૩૦૬–૫૧૦–ખ સચિવાલય, ગાંધીનગર તા. ૬/ ૧૨/ ૨૦૦૬થી શ્રી આર. એચ. રાજપૂત, ચીફ એકાઉન્ટન્ટના અજમાયશી સમય પૂર્ણ થયાની નોંધ સેવાપોથીમાં કરીને ગાંધીનગરને મોકલવા અંતર્ગત શ્રી રામસિંહ એચ. રાજપૂતના તા. ૨/ ૨/ ૨૦૦૮ના પત્રથી ઉપરોક્ત બાબતે નામદાર હાઈકોર્ટના આખરી ચૂકાદાને આધિન રહીને તેવી શરતે તેઓને કાયમી કરવા અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**૩૨.** યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા વિભાગમાં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રીમતી આર. કે. શાહને આપવામાં આવેલ બઢતી સંદર્ભમાં એક વર્ષનો અજમાયશી સમય તેણીના નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોય તેણીને નોકરીમાં કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કર્મચારીના નામ | હોદ્દો | વિભાગ | બઢતીની તારીખ | કાયમ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રીમતી આર. કે. શાહ | સિનિયર કલાર્ક | પરીક્ષા | ૧૩/ ૩ / ૨૦૦૭ | ૧૨/૩/ ૨૦૦૮ |

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં બઢતીથી એક વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક પામેલ ઉપરોક્ત જણાવેલ કર્મચારીને જે તે તારીખથી તેમના હોદ્દા પર કાયમી નિમણૂંક આપવી.

**૩૩.** યુનિવર્સિટીમાં કોલેજ ડેવલોપ્મેન્ટ કાઉન્સિલ (સી. ડી. સી.) ડીનશ્રી, ડૉ. પી. કે. હીરાધરના પત્ર ક્રમાંક : ડીન/ સીડીસી/ ૭૩/ ૨૦૦૮, તા. : ૨–૧–૨૦૦૮ અંતર્ગત કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. પંકજ કે. હિરાધરની Bioscience વિભાગમાં પ્રોફેસરના પદ પરથી સ્વૈચ્છિક નિવૃત્તિ (Voluntary Retirement) ની વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવે છે, તે ધ્યાને લઈ આગળની કાર્યવાહી કરવી.

**૩૪.** યુનિવર્સિટીમાં કોલેજ ડેવલોપ્મેન્ટ કાઉન્સિલ (સી. ડી.સી.) ડીનશ્રી, ડૉ. પી. કે. હીરાધરના કિસ્સામાં સિન્ડિકેટ તા. : ૧૩–૧૨–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : (૪) થી ઠરાવ્યાનુસાર અન્ય વકીલશ્રી શ્રી કમલેશ પટેલનો તા. ૮–૧–૨૦૦૮નો અભિપ્રાય તેમજ રાજય સરકારશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરનો તા. ૨૮–૧–૨૦૦૮ના પત્ર ક્રમાંક : કવટ–યુનિ–વ૧ (૧)–૨૦૦૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના તા. : ૨૮–૧–૨૦૦૮ના પત્ર ક્રમાંક : કવટ–યુનિ–વ–૧(૧)–૨૦૦૮ ધ્યાને લેતાં ડૉ. પંકજ કે. હિરાધરને તા. ૭–૨–૨૦૦૮ના રોજ ૬૨ વર્ષ પૂર્ણ થતા હોય તેમને તા. ૬–૨–૨૦૦૮ના કાર્યાલય સમય બાદ ફરજ મુકત (Relieve) કરવામાં આવે છે.

**૩૫.** યુનિવર્સિટી કેમ્પસ પરનાં સુવિધા કેન્દ્રની દુકાનો ભાડે આપવા માટે જુદી જુદી પાર્ટીઓ તરફથી ૧૧ (અગિયાર) અરજીઓ મળેલ છે. જે દુકાનો ભાડેથી ફાળવવા અંગે વિચારણા કરવા બાબત.....

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ ક્રમાકઃ ૬, ૧૦, ૧૧ હાર્ડવેરની દુકાનોને હાલ પુરતું મુલતવી રાખવું અન્ય ને મંજૂરી આપવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૬, ૧૦, ૧૧ માટે અન્ય ઓફર્સ મંગાવવી અને સિન્ડિકેટમાં રજૂ કરવી.

**૩૬.** યુનિવર્સિટીના અધિકારીઓને મોબાઈલની સુવિધા આપવા અંગે વિચારણા કરવા બાબત........

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, રજીસ્ટ્રારશ્રીનું જે બીલ આવે તે પુરેપુરું ચુકવવું.

પરીક્ષા નિયામક , ડેપ્યુટી રજીસ્ટ્રાર , ચીફ એકાઉન્ટ ઓફિસર, ડાયરેકટર – ફીઝીકલ એજયુકેશન, યુનિવર્સિટી ઈજનેરી, મેડીકલ ઓફિસર, એડીશનલ આસી. ઈજનેર ........તમામને પ્રતિમાસ રૂા. ૬૦૦/– મોબાઈલની સુવિધા પેટે મંજૂર કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નાયબ નિયામક યુવક કલ્યાણશ્રીને પણ આ લાભ આપવો.

**૩૭.** યુનિવર્સિટી દ્વારા પી. જી. સેન્ટરોમાં ચલાવાતા અભ્યાસક્રમોના નાણાકીય માળખાના મૂલ્યાંકન બાબતનો અહેવાલ તૈયાર કરી તેને લગતી આનુષંગિક બાબતો નકકી કરવા માટે મા. કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિની સભા તા. ૫–૦૪–૨૦૦૭ તથા તા. ૨૧–૦૧–૨૦૦૮નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સદર સમિતિનો અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**૩૮.** અનુસ્નાતક શિક્ષણ મંડળની તા. ૨–૦૯–૨૦૦૬નાં રોજ મળેલી સભાનાં ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે M.Phill. અંગેનાં પ્રવર્તમાન નિયમો તેમજ M.Phill. અને Ph.D. ના ફીના માળખા અંગે જરૂરી સુધારા–વધારા સૂચવવા અંગેની નિયુકત થયેલી સમિતિની ભલામણો તા. ૭–૦૬–૨૦૦૭ની અનુસ્નાતક શિક્ષણ મંડળની સભામાં ઠરાવ નં : ૨૧ થી રજૂ થતાં સમિતિએ M.Phill. નાં નિયમોનો સ્વીકાર કર્યો હતો અને એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરી હતી અને M.Phill./ Ph.D.ની હાલની ફીના માળખામાં સુધારો કરવા ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓમાંથી P. G./ M.Phill./ Ph.D.ની ફી અંગેની માહિતીનું એકત્રીકરણ કરીને અહેવાલ તૈયાર કરવા માટેની સમિતિની સભા તા. ૧૦–૦૧–૨૦૦૮નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સદર સમિતિનો M.Phill. અને Ph.D. ના ફીના માળખા અંગેનો અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**૩૯.** યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો દ્વારા આપવામાં આવતી જાહેર ખબરો બહાર પાડવા અંગે એડવર્ટાઈઝીગ એજન્ટની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત....

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો દ્વારા આપવામાં આવતી જાહેર ખબરો બહાર પાડવા અંગે એડવર્ટાઈઝીગ એજન્ટ તરીકે **પરિશિષ્ટઃ ' ઘ '** માં દર્શાવેલ સુધારા વધારા સાથે મે.પૂનમ એડ્સ, ની નિમણૂંક કરવા મંજૂરી આપવી.

(પરિશિષ્ટ : 'ઘ')

**૪૦.** યુનિવર્સિટી ખાતે પરીક્ષા વિભાગ માટે અલાયદું મકાનના બાંધકામમાં થનાર રૂા. ૫૦, ૦૦, ૦૦૦/– (પચાસ લાખ) નો વધારાનો અંદાજીત ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બાંધકામ સમિતિએ સમગ્ર બાબત પર પુનઃ વિચારણા કરવી.

**૪૧.** યુનિવર્સિટીમાં ચાલતા અનુસ્નાતક સ્વનિર્ભર/ હાયર પેમેન્ટ અભ્યાસક્રમમાં જે તે વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યા બાદ કોઈ કારણસર પ્રવેશ રદ કરાવે તેવા સંજોગોમાં વિદ્યાર્થીએ ભરેલ ફીની પરત કરવાની થતી રકમ અંગે મા. કુલપતિશ્રી દ્વારા નીમાયેલ સમિતિનો તા. ૧૦–૦૧–૨૦૦૮ના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત મુલતવી રાખવી.

**૪૨.** વી.ન. દ. ગુ. યુનિવર્સિટી કેમ્પસ ખાતે બીન – વપરાશી પડી રહેલ વાહનો એમ્બેસેડર / જીપ માટે મળેલ મહત્તમ ભાવ અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, જે પાર્ટીના ભાવો મહત્તમ હોય તેને મંજૂરી આપવી.

**૪૩.** ઓકટોબર–નવેમ્બર ૨૦૦૭માં લેવાયેલ તેમજ માર્ચ – એપ્રિલ ૨૦૦૮માં લેવાનાર પરીક્ષાના પરિણામ તૈયાર કરવા તથા તેને આનુંસાંગિક સઘળી કાર્યવાહી માટે આઈ. આઈ. ઈ. ટી. સુરતના તા. ૨–૪–૨૦૦૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, આ કામગીરી માટે શોર્ટ ટેન્ડર ઇન્વાઈટ કરવા અને ભાવતાલની વાટાઘાટો માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવી અને તાકીદે કાર્યવાહી પૂર્ણ કરવી.

**૪૪.** સાઉથ ગુજરાત મેડિકલ એજયુકેશન ટ્રસ્ટ, સુરત સંચાલિત સ્વનિર્ભર અભ્યાસક્રમ પી. જી. ડી. એમ. એલ. ટી.માં અપૂરતી વિદ્યાર્થી સંખ્યાને કારણે તથા પ્રસ્તુત અભ્યાસક્રમ ચલાવવામાં દર વર્ષે રૂા. ૫, ૦૦, ૦૦૦/– ની ખોટ જાય છે. આ સંજોગોને કારણે તા. ૦૭ /૦૭/૨૦૦૭ના રોજ ટ્રસ્ટી બોર્ડની બેઠકમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૨૦૦૯થી પી. જી. ડી. એમ. એલ. ટી. નો સ્વનિર્ભર અભ્યાસક્રમ બંધ કરવાનો નિર્ણય કર્યો છે. એમ જાણ કરતા સદરહું ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ફકીરભાઈ ચૌહાણન તા. ૦૭/ ૦૧/ ૨૦૦૮ના પત્રાંક : ૦૪૭/ ૦૧/ ૨૦૦૭ ઉપર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ટ્રસ્ટ દ્વારા કોલેજ બંધ કરવાની સમિતિ બનાવેલ હોય ત્યાં સુધી હાલ આ બાબત ને મુલતવી રાખવી.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

**૪૫.** એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૦૫ –૧૦–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક (૬) અન્વયે સ્ટેટયુટ ૨૨૯માં જરૂરી સુધારા વધારા કરવા નિમેલ પેટા સમિતિએ તૈયાર કરેલ સુધારા વધારા સાથેનો સ્ટેટયુટ – ૨૨૯ નો આ સાથે બિડેલ સૂચિત પાઠ પર વિચારણા કરવા બાબત....

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૦૫ –૧૦–૨૦૦૭ની સભાના ઠરાવ ક્રમાંક (૬) અન્વયે સ્ટેટયુટ ૨૨૯માં જરૂરી સુધારા વધારા કરવા નિમેલ પેટા સમિતિએ તૈયાર કરેલ સુધારા વધારા સાથેનો સ્ટેટયુટ – ૨૨૯ નો આ સાથે **પરિશિષ્ટ: ' ચ '** તરીકે બિડેલ સૂચિત પાઠનો સ્વીકાર કરવો અને આગામી સેનેટની વાર્ષિક સભામાં શ્રી સંજયભાઈ આઈ. દેસાઈ પાસે રજૂ (**Move**) કરાવવો.

**(પરિશિષ્ટ: ' ચ ')**

**૪૬.** આગામી ફેબ્રુઆરી–૨૦૦૮ માં યોજાનાર ૩૯ માં વાર્ષિક પદવીદાન સમારંભથી નીચે મુજબની નવી ડિગ્રી એનાયત કરવાની થાય છે. પ્રસ્તુત પદવીના પ્રમાણપત્ર છાપવા માટે કાર્યાલયે તૈયાર કરેલા ખરડા પર વિચારણા કરવા બાબત...

(૧) વિનયન વિદ્યાશાખા
Master of Social Work
(૨) એજયુકેશન વિદ્યાશાખા
Bachelor of Education (Special Education)
(૩) વિજ્ઞાન વિદ્યાશાખા
1. P.G. Diploma in Medicinal Plants
2. P.G. Diploma in Energy Audit & Management
3. P.G. Diploma in Industrial Automation
4. P.G. Diploma in CAD/CAM/CAE
5. Master of Science (Information & Communication Technology)

(૪) વાણિજય વિદ્યાશાખા
P.G. Diploma in Internal Audit
(૫) મેનેજમેન્ટ વિદ્યાશાખા
Master of Business Administration (Tourism & Hospitality Management)

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ૩૯ માં વાર્ષિક પદવીદાન સમારંભમા નીચેની વિદ્યાશાખાની પદવી નો ખરડો ક્રમાંક: (૧), (૨), (૪) અને (૫) ને **પરિશિષ્ટ : " છ "**માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવો અને ક્રમાંક : (૩) 1. ને નીચે મુજબના સુધારા વધારા સાથનો ખરડો મંજૂર કરવો અને પ્રમાણપત્ર છાપવા તેમજ જરૂરી સુધારા વધારા માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

(૧) વિનયન વિદ્યાશાખા
Master of Social Work
(૨) એજયુકેશન વિદ્યાશાખા
Bachelor of Education (Special Education)
(૩) વિજ્ઞાન વિદ્યાશાખા
1. **Advanced P.G. Diploma in Medicinal Plants**
2. P.G. Diploma in Energy Audit & Management
3. P.G. Diploma in Industrial Automation
4. P.G. Diploma in CAD/CAM/CAE
5. Master of Science (Information & Communication Technology)

(૪) વાણિજય વિદ્યાશાખા
P.G. Diploma in Internal Audit
(૫) મેનેજમેન્ટ વિદ્યાશાખા
Master of Business Administration (Tourism & Hospitality Management)

**(પરિશિષ્ટ: ' છ ')**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત
ક્રમાંક: એસ–૧ (૧)/ ૩૧૩૨ /૨૦૦૮
તા. ૨૬/ ૩/ ૨૦૦૮

**ઈ.ચા.કુલસચિવ**

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......